RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 135* Date: 13.03.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## આઝાદીનો અમૃત મહોત્સવઃ વડાપ્રધાનએ મોદી દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવી

# પ્રધાનમંત્રીએ જણાવ્યો મીઠાનો અર્થ- મીઠું શ્રમ અને સમાનતાનું પ્રતિક



અમદાવાદ,તા.૧૨

ભારતની આઝાદીના ૭૫મા વર્ષે અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી શરૂ થઈ ગઈ છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમથી દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવીને આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર ગુજરાતના પનોતા પુત્ર પીએમ નરેન્દ્ર મોદીનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. જે બાદ પીએમ મોદીનો કાફલો એરપોર્ટથી સીધા ગાંધી આશ્રમ પહોંચ્યો હતો. ગાંધી આશ્રમ પહોંચીને પીએમ નરેન્દ્ર મોદીએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી હતી. ત્યાર બાદ બોલિવૂડ સિંગર હરિહરન અને ઝુબિન નોટિયાલે પર્ફોર્મન્સ કર્યું હતું. જયારે પીએમ મોદીએ આઝાદીનો અમૃત મહોત્સવ વેબસાઇટ લોન્ચ કરી હતી. વડાપ્રધાન મોદીએ આઝાદીના અમૃત મહોત્સવમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ આપી હતી. પીએમ મોદીએ સાબરમતી આશ્રમમાં વિઝીટર બુકમાં નોંધ પણ લખી હતી. દાંડી માર્ચના ૯૧ વર્ષ અને આઝાદીના ૭૫માં વર્ષને કેન્દ્ર સરકારે 'આઝાદીના અમૃત મહોત્સવ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

હાલ પીએમ મોદી સાથે મુખ્યમંત્રી રૂપાણી, રાજયપાલ દેવવ્રત આચાર્ય અને સી.આર.પાટીલ પણ ઉપસ્થિત હતા. જાણીતા બોલિવૂડ સિંગર ઝુબિન નોટિયાલે દાંડી યાત્રા માટેનું ગીત ગાયું હતું.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ ઊજવણીમાં લોકભાગીદારી ખૂબ મહત્વની છે. પીએમ મોદીએ જણાવ્યું કે જનજન સુધી આ ચળવળને લઈ જવા માટે શાળા કૉલેજોએ પણ જોડાવું જોઈએ.

તેમણે કહ્યું, નાગરિકાનાં મૌલિક વિચારોથી અગણિત આઈડિયા બહાર આવશે. કેટલીક વાતો જનભાગીદારીથી બહાર આવશે. દેશનો કોઈ એવો નાગરિક ન હોવો જોઈએ જે અમૃત મહોત્સવથી જોડાયેલો ન હોય. પ્રધાનમંત્રી મોદીએ સભાને સંબોધતા જણાવ્યું કે, આજે આઝાદી અમૃત મહોત્સવનો પહેલો દિવસ છે. આ અમૃત મહોત્સવ ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ચાલશે. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- સ્વતંત્રતાની ઉર્જાનો અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- સ્વાતંત્ર્ય સેનાનીઓના પ્રેરણાનું અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- નવા વિચારોનું અમૃત, નવા સંકલ્પોનું અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે- આત્મનિર્ભરતાનું અમૃત. આપણા દેશમાં મીઠાને ક્યારેય તેની કિંમતથી નથી આંકવામાં આવ્યું. આપણા દેશમાં મીઠાનો અર્થ છે- પ્રામાણિકતા. આપણા દેશમાં મીઠાનો અર્થ છે – વિશ્વાસ. આપણા દેશમાં મીઠાનો અર્થ છે – વફાદારી. આપણે આજે પણ કહીએ છીએ કે આપણે દેશનું મીઠું ખાધું છે. આ એટલા માટે નથી કારણ કે મીઠું ખૂબ મૂલ્યવાન વસ્તુ છે. આનું કારણ એ છે કે મીઠું આપણા દેશમાં શ્રમ અને સમાનતાનું પ્રતિક છે. ૧૮૫૭ નો સ્વતંત્રતા સંગ્રામ, મહાત્મા ગાંધીનું વિદેશથી પાછા ફરવું, દેશને સત્યાગ્રહની શક્તિની ફરી યાદ અપાવવી, લોકમાન્ય તિલકની સંપૂર્ણ સ્વરાજયનું આહ્વાન, નેતાજી સુભાષચંદ્ર બોઝના નેતૃત્વમાં આઝાદ હિન્દ ફૌજની દિલ્હી માર્ચ, દિલ્હી ચલોનું સૂત્ર કોણ ભૂલી શકે છે. દાંડીયાત્રાના ૯૧માં વર્ષની ઉજવણી દરમિયાન પીએમ મોદીએ દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. ગાંધીઆશ્રમથી ૮૧ પદયાત્રીઓની દાંડીકૂચ શરૂ કરી હતી. ૬ એપ્રિલ સુધી ચાલશે દાંડીયાત્રા. આઝાદીના અમૃત મહોત્સવનો પ્રારંભ કરાયો.

## કોરોના સામે રસીકરણ અભિયાનઃ દેશમાં કુલ ૨.૫૬ કરોડ વેક્સિન ડોઝ અપાયા



ન્યુ દિલ્હી,તા.૧૨

કોરોના મહામારી વિરુદ્ધ રસીકરણ અભિયાન તિવ્ર ગતિએ ચાલી રહ્યું છે. સરકારના આંકડા મુજબ રસીકરણના ૫૫માં દિવસે દેશમાં અત્યાર સુધીમાં રસીના ૨.૫૬ કરોડથી વધુ વેક્સિન ડોઝ અપાઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩.૧૭ લાખ લાભાર્થીઓને રસી અપાઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં લાભાર્થીઓને કોરોનાની રસીના કુલ ૨,૫૬,૮૫,૦૧૧ ડોઝ અપાયા છે. રસી મેળવનારા લાભાર્થીઓમાં ૭૧,૭૦,૫૧૯ સ્વાસ્થ્ય કર્મચારી, ૭૦,૩૧,૧૪૭ ફ્રન્ટલાઈન વર્કર્સ, ૬૦ વર્ષથી વધુ વયના ૫૫,૯૯,૧૪૩ લોકો અને ૪૫ વર્ષથી વધુ વયના અને ગંભીર બીમારીનો સામનો કરતાં ૯,૨૯,૩૫૯ લોકોનો સમાવેશ થાય છે.

સ્વાસ્થ્ય કર્મચારીઓમાંથી ૩૯,૭૭,૪૦૭ અને ફ્રન્ટલાઈન વર્કર્સમાંથી ૫,૮૨,૧૧૮ને રસીનો બીજો ડોઝ પણ અપાઈ ચૂક્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, બુધવારે ૭,૨૫,૯૩૦ લોકોને રસીનો પહેલો અને ૧,૯૬,૧૦૯ સ્વાસ્થ્ય કર્મીઓ તેમજ ફ્રન્ટલાઈન વર્કર્સને કોરોનાનો બીજો ડોઝ અપાયો છે. પહેલો ડોઝ લેનારાઓમાં ૬૦ વર્ષથી વધુ વયના ૪,૯૫,૦૨૬ લોકો અને ગંભીર બીમારીથી ગ્રસ્ત ૪૫ વર્ષથી વધુ વયના ૯૫,૮૩૪ દર્દીઓનો સમાવેશ થાય છે.

## દેશમાં એક દિવસમાં ૨૩ હજારથી વધુ કોરોના દર્દીઓ મળતા તંત્રની ચિંતા વધી

### મહારાષ્ટ્રમાં, નાગપુર અને પુનામાં સ્થિતિ સૌથી વધુ ખરાબ,ભારતમાં કુલ મૃત્યુઆંક ૧,૫૮,૩૦૬એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં અત્યાર સુધીમાં ૨,૬૧,૬૪,૯૨૦ કોરોના વાયરસ વેક્સીનના ડોઝ આપવામાં આવી ચૂક્યા છે. બીજી તરફ સંક્રમણનો વ્યાપ પણ ફરી વધતો જઈ રહ્યો છે. દેશમાં ૨૪ ડિસેમ્બર, ૨૦૨૦ બાદ ફરી એકવાર સૌથી વધુ કેસ નોંધાયા છે. આ ઉપરાંત એક્ટિવ કેસોની સંખ્યા છેલ્લા ૬ મહિનામાં સૌથી વધુ છે. સૌથી ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રમાં છે જ્યાં ૨૪ કલાકમાં ૧૪ હજારથી વધુ કેસ નોંધાયા છે અને ૫૭ દર્દીઓનાં મોત થયા છે. પંજાબ અને કેરળમાં પણ સ્થિતિ વણસતી જઈ રહી છે. મહારાષ્ટ્રમાં રશિયા અને બ્રિટનથી પણ વધુ કેસ નોંધાયા છે.

શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૩,૨૮૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૧૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૧૩,૦૮,૮૪૬ થઈ ગઈ છે. કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૯ લાખ ૫૩ હજાર ૩૦૩ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૫,૧૫૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૯૭,૨૩૭ એક્ટિવ કેસો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૮,૩૦૬ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. આ ઉપરાંત, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ૈંઝસ્ઇ)એ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૧ માર્ચ સુધીમાં ભારતમાં કુલ ૨૨,૪૯,૯૮,૬૩૮ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગુરૂવારના ૨૪ કલાકમાં ૭,૪૦,૩૪૫ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

બીજો ડોઝ લઈ ચૂક્યા હેલ્થ વર્કર કોરોના પોઝિટિવ

મહારાષ્ટ્રમાં જાલના જિલ્લામાં ૨ હેલ્થ વર્કર વેક્સિનના બંને ડોઝ લીધા પછી કોરોના પોઝિટિવ આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું કે વેક્સિન લીધા પછી બંનેમાં કોરોનાના હલકા લક્ષણ જોવા મળ્યા. તેમના સેમ્પલની તપાસ કરવામાં આવી તો બંનેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. એડિશનલ સિવિલ સર્જન પદ્મજા સરાફે કહ્યું કે બંને ડોઝ લીધા પછી ૪૨ દિવસ પછી શરીરમાં એન્ટીબોડી ડેવલોપ થાય છે. આ કારણે વેક્સિન લગાવ્યા પછી કોવિડ પ્રોટોકોલનું પાલન કરવું જોઈએ.

## ખેડૂતોની માગણી દિલ્હી એમ જ નહીં માને, તેના માટે લડાઈ લડવી પડશેઃ રાકેશ ટિકૈત



ન્યુ દિલ્હી,તા.૧૨

ત્રણ કૃષિ કાયદાઓ રદ કરવાની માંગણી સાથે દિલ્હી નજીક ગાઝીપુર, શાહજહાંપુર, ટીકરી અને સિંઘુ સરહદે ૧૦૦ કરતાં વધુ દિવસોથી ચાલી રહેલું ખેડૂત આંદોલન નબળું પડવા લાગ્યું છે. સંયુક્ત કિસાન મોરચાના નેતાઓ ઉપરાંત ખેડૂત નેતા રાકેશ ટિકૈત આંદોલનની સફળતા અંગે ગમે તેટલા દાવા કરે, પરંતુ હકીકત એ છે કે દિલ્હીની સરહદે આંદોલન સ્થળો પર ખેડૂતોની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. આવા સમયે ખેડૂત નેતાઓ ધિરજ ગુમાવી રહ્યા છે. ખેડૂત આંદોલનનો પ્રમુખ ચહેરો બની ગયેલા રાકેશ ટિકૈતે કહ્યું કે, ખેડૂતોની માગણી દિલ્હી એમ જ નહીં માને, તેના માટે લડાઈ લડવી પડશે. ચઢાઈ વિના દિલ્હી નહીં માને. ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે, ખેડૂતોની માગણી દિલ્હી એમ જ નહીં માને. તેના માટે લડાઈ લડવી પડશે. ચઢાઈ કર્યા વિના દિલ્હી નહીં માને. કિલ્લાઓ લડાઈ લડીને જ જીતવામાં આવ્યા છે. આપણે હાથ જોડતા રહીશું તો લુંટારા નહીં માને. ટિકૈતે ખેડૂતોને બેરીકેડિંગ તોડવા માટે તૈયાર રહેવા પણ કહ્યું હતું. બીજીબાજુ સંયુક્ત કિસાન મોરચાના ખેડૂત નેતાઓ આંદોલન સ્થળે આંદોલનકારી ખેડૂતોની ઘટતી સંખ્યાથી ચિંતિત છે. સૂત્રો મુજબ યુપી ગેટ પર ખેડૂતોની સંખ્યા ઘટીને ૨૦૦થી પણ નીચે આવી ગઈ છે. રાકેશ ટિકૈતે ખેડૂતોની ઘટતી સંખ્યા અંગે કશું કહ્યું નથી, પરંતુ તેમના ચહેરા પર નિરાશાના ભાવ સ્પષ્ટપણે જોવા મળે છે યુપી ગેટ પર ૨૮મી નવેમ્બરે ધરણાં-દેખાવો શરૃ થયા ત્યારે હજારો યુવાનો હાજર હતા. મંચ પર અને ધરણાં સ્થળ પર મોટી સંખ્યામાં યુવાનો હતા. ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ ગૌરવ ટિકૈત પણ અનેક વખત અહીં પહોંચીને દેખાવકારોમાં જુસ્સો ભરતા હતા. ત્રણ મહિના પછી સ્થિતિ એ છે કે દિલ્હીમાં ૨૬મી જાન્યુઆરીની હિંસા પછી યુવાન ખેડૂતો ધરણાં સ્થળ છોડીને જતા રહ્યા છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૭૧૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૭૬૬૨૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૨

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૯૫

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૮૧૯૬

### ભારત આગામી વર્ષમાં ૧૧ ટકાનો વિકાસ દર હાંસલ થઈ શકશે : PHD ચેમ્બર ઓફ કોમર્સ

## મોટાભાગની ઇકોનોમી ૨૦૨૨ સુધી કોરોના પહેલાંનાં સ્તરે આવી શકશે નહીંઃ મૂડીઝ

ન્યુ દિલ્હી,તા.૧૨

મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે કોરોના પછી વૈશ્વિક ઈકોનોમીની સ્થિતિ અંગે આગાહી કરતા કહ્યું હતું કે, ૨૦૨૨ સુધીમાં મોટાભાગની ઈકોનોમી કોરોના પહેલાંના સ્તરે આવી શકશે નહીં. કોરોનાને કારણે વેપાર ધંધા-ઉદ્યોગોને આપવામાં આવનાર લોન અને ધિરાણમાં આવેલો ઘટાડો અલ્પજીવી છે પણ મોટાભાગની ઈકોનોમી ૨૦૨૨ સુધી કોરોના પહેલાંના સ્તરે આવી શકશે નહીં. હું એ ૧૧ માર્ચ ૨૦૨૦નાં રોજ કોરોનાને મહામારી જાહેર કરી તે પછી વૈશ્વિક ઈકોનોમીનો ગ્રોથ ખોરવાઈ ગયો છે અને લોન અને ધિરાણમાં ઘટાડો થયો છે. મૂડીઝે તેનાં રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ગ્લોબલ રિકવરી ધીમી અને અસ્થિર રહેશે. મેક્રોઈકોનોમિક આઉટલૂકમાં અસ્થિરતા વધારે રહેશે. વેક્સિનેશનનું પ્રમાણ વધવાની સાથે કોરોનાના સંક્રમણમાં તબક્કાવાર ઘટાડો થતો રહેશે. પરિણામે સરકાર દ્વારા તબક્કાવાર લોકડાઉન હટાવવામાં આવશે. જો કે વાઈરસનાં નવા સ્ટ્રેઈન ચિંતા જન્માવનારા છે પણ આપણે ઓછા કેસ સાથે વાઈરસ સાથે જીવવાનું શીખી લેવું પડશે. મૂડીઝે નોંધ્યું હતું કે કેટલાક દેશોમાં શરૂ કરવામાં આવેલી વેક્સિનેશન ઝુંબેશ ગ્લોબલ ઈકોનોમી માટે રાહતરૂપ પુરવાર થશે નહીં. કેટલાક દેશોમાં વેક્સિનેશનની કામગીરી ઘણી ધીમી છે તેથી સ્થાનિક સ્તરે સંક્રમણ વધી શકે છે. દરેક દેશ કોરોનાને કાબૂમાં રાખવા કેવા પગલાં લે છે અને કેટલો સફળ રહે છે તે ઉપરાંત દરેક દેશમાં નવી રોજગારીનું કેવી રીતે અને કેટલું સર્જન થાય છે તેનાં પર જીડીપી ગ્રોથનો આધાર છે. અસ્થિર પણ ધીમી રિકવરી વધતા લોન અને ધિરાણ પરનાં જોખમો ઘટયા છે. મૂડીઝે નોંધ્યું હતું કે જુદા જુદા દેશોમાં જોવા મળી રહેલી કે શેપ્ડ રિકવરી સતત ચાલુ રહેવી જોઈએ. કેટલાક સેક્ટર જેવા કે ફૂડ રિટેલ, કોમ્યુનિકેશન અને ગુડ્ઝ શિપિંગમાં કામગીરીનાં નોંધપાત્ર સુધારો થયો છે પણ હોસ્પિટાલિટી તેમજ એર ટ્રાવેલ સેક્ટરની કામગીરી ચિંતાજનક છે.

## મહારાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટઃ અકોલામાં લોકડાઉન લાગુ કરાયું

મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રમાં જીવલેણ વાયરસનો કહેર વધી રહ્યો છે. ત્યારે હવે નાગપુર પછી અકોલામાં પણ પૂર્ણ લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અકોલામાં શુક્રવાર સાંજે ૮ વાગ્યાથી સોમવાર સવારના ૮ કલાક સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં ઘાતક વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે.

નાગપુર, અકોલા સિવાય પુણેમાં પણ નાઈટ કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. પુણેમાં રાત્રીના ૧૧ કલાકછથી સવારના ૬ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં ૩૧ માર્ચ સુધી તમામ સ્કૂલ, કોલેજને પણ બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી તરફ પુણેમાં હોટલ, બાર રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી બંધ રહેશે, આજ નિયમ મોલ થિયેટર પર પણ લાગુ પડશે.

મહારાષ્ટ્રમાં જીવલેણ કોરોનાનો પ્રકોપ વકરી રહ્યો હોવાથી રાજ્ય સરકાર ચિંતામાં પડી છે. હવે ગમે તે ઘડીએ લોકડાઉન લાગું કરાય એવા સંકેતો મુખ્ય પ્રધાને આપ્યા છે. લોકોએ આવા સંકટના સમયમાં લાપરવાહી વર્તવી નહિ. કાળજી રાખવી અને કોરોના સંદર્ભેના નિયમોને સખતાઈથી પાલન કરવાની અપીલ સુદ્ધા કરી છે.

## તંત્રી સ્થાનેથી...

# ડિસીસ એક્સ બીમારીના કારણે લાખો લોકોના મોત થઇ શકે છેઃ WHO

**દુનિયા આખી હજી કોરોના વાયરસની બિમારી સામે જ ઝઝુમી રહી છે. હજી આ બિમારીનો કોઈ ચોક્કસ તોડ સામે આવ્યો નથી ત્યાં કોરોનાને પણ ટક્કર મારે એવી બિમારીનો વર્તારો સેવાઈ રહ્યો છે. વૈજ્ઞાનિકોએ એક નવા ઘાતક વાયરસની ચેતાવણી આપી છે, જે માણસ માટે જીવલેણ સાબિત થઇ શકે છે અને કોરોનાથી પણ વધુ ઝડપથી ફેલાનાર છે. આ બિમારીનું નામ છે ડિસીસ એક્સ. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ બિમારી ઇબોલા વાયરસની માફક ઘાતક સાબિત થઇ શકે છે. હુંનું અનુમાન છે કે દર વર્ષે આ બિમારીના લીધે લગભગ એક અરબ કેસ સામે આવી શકે છે અને લાખો લોકોના મોત થઇ શકે છે. હેલ્મહોલ્ટ્ઝ-સેંટરના ડો. જોસેફ સેટલએ ધ સન ઓનલાઇનને જણાવ્યું હતું કે, જાનવરોની કોઇ પણ પ્રજાતિ આ બિમારીનો સ્ત્રોત હોઇ શકે છે.**

**જ્યાં ઉંદર અને ચામાચિડિયા જેવી વધુ પ્રજાતિઓ હોય ત્યાં આ બિમારી ફેલાવવાની શક્યતા વધારે છે. તેમણે કહ્યું હતું કે, આ પ્રજાતિઓના અનુકૂળ ક્ષમતા પર નિર્ભર કરે છે. હાલ આ બિમારી વિશે કંઇ ખાસ જાણવા મળ્યું નથી પરંતુ શોધકર્તાઓનું કહેવું છે કે આ અજ્ઞાત બિમારી આગામી મહામારી બની શકે છે. તેનો એક દર્દી કાંગોમાં મળ્યો હતો. કોંગોમાં મળેલા દર્દીને ભારે તાવ હતો અને સાથે જ ઇન્ટરનલ બ્લીડિંગ પણ થઇ રહ્યું હતું. તેને ઇબોલા ટેસ્ટ કરાવ્યો, પરંતુ તે નેગેટિવ આવ્યો. વૈજ્ઞાનિકને ડર છે કે, આગામી મહામારી બ્લેક ડેથથી પણ વધુ ખતરનાક છે. આ બિમારીમાં ૭.૫ કરોડ લોકોના મોત થયા હતા.**

**પરંતુ ડિઝીઝ એક્સ વાયરસ તેનાથી વધુ ખતરનાક હોઇ શકે છે. એટલું જ નહી આગામી સમયમાં માનવ જાતિને દર પાંચ વર્ષમાં સ્વાસ્થ્ય સંકટનો સામનો કરવો પડી શકે છે. ઈકોહેલથ એલાયન્સના જણાવ્યા પ્રમાણે, દુનિયામાં હાલ ૧.૬૭ મિલિયન અજ્ઞાત વાયરસમાંથી ૮૨૭૦૦૦ તો જાનવરોમાંથી જ મનુષ્યોમાં આવે છે. કોરોના આ વાતનું ઉદાહરણ છે કે કેવી રીતે જાનવરોમાંથી માણસમાં પહોંચેલો વાયરસ સમગ્ર માનવ જાતિ માટે ખતરો ઉભો કરી શકે છે. અગાઉ બર્ડ ફ્લૂ, SARS, MERS, Nipah અને યલો ફીવર તમામ વાયરરસના સામાન્ય ઉદાહરણ છે, જે પહેલાં જાનવરોમાં ઉત્પન્ન થયા હતા અને પછી માણસોમાં પ્રવેશ્યા હતાં.**

# AICTEનો નિર્ણયઃ ધો.૧૨માં મેથ્સ-ફિઝિક્સ નહિ હોય તો પણ મળશે એન્જીનીયરીંગમાં પ્રવેશ




ન્યુ દિલ્હી,તા.૧૨

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશનએ જાહેરાત કરતા જણાવ્યું છે કે હવે ધોરણ ૧૨માં મેથ્સ અને ફિઝિક્સ નહિ હોય તો પણ એન્જીનીયરીંગના પ્રવેશ મળી શકશે. એઆઈસીટીઈના આ નિર્ણયને વિવાદાસ્પદ નિર્ણય તરીકે ગણવામાં આવી રહ્યો છે. તેના લીધે દેશમાં બહાર આવતા એન્જીનીયર્સ પર ચોક્કસ આડ અસર ઉભી થશે. અત્યાર સુધીમાં, ધોરણ ૧૨માં મેથ્સ અને ફિઝિક્સ વિષયો એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજીના અન્ડર ગ્રજ્યુએટ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માટે ફરજીયાત રાખવામાં આવતા હતા.

એઆઈસીટીઈ દ્વારા અપ્રૂવલ પ્રોસેસ હેન્ડબુક ૨૦૨૧-૨૨ જાહેર કરવામાં આવી છે. જેમાં અન્ડર ગેજ્યુએટ પ્રવેશ પ્રક્રિયામાં લાયકાતમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા સુધારા મુજબ, હવે વિદ્યાર્થીએ ધોરણ ૧૦+૨માં ફિઝિક્સ/મેથેમેટિક્સ/કેમિસ્ટ્રી/કોમ્પ્યુટર સાયન્સ/ઈલેક્ટ્રોનિક્સ/ઈન્ફોર્મેશન ટેક્નોલોજી/બાયોલોજી/ઈન્ફોર્મેટિક્સ પ્રેક્ટિસીસ/બાયોટેક્નોલોજી/ટેક્નિકલ વોકેશનલ સબ્જેક્ટ/એગ્રિકલચર/એન્જીનીયરીંગ ગ્રાફિક્સ/ બિઝનેસ સ્ટડીઝ/આંત્રપ્રિન્યોરશિપ વગેરે વિષયોમાંથી કોઈપણ ત્રણ વિષયોમાં પાસ થવું ફરજીયાત છે. વિદ્યાર્થીએ ઉપરોક્ત વિષયોમાં કુલ ૪૫% ગુણ (અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૦% ગુણ) મેળવવા ફરજીયાત છે. એઆઈસીટીઈએ પોતાની હેન્ડબુકમાં જણાવ્યું છે કે "જુદા જુદા બેકગ્રાઉન્ડ માંથી આવતા વિદ્યાર્થીઓને પ્રોગ્રામમાં પરિણામો મેળવવા માટે જુદી જુદી યુનિવર્સીટીઝ મેથેમેટિક્સ, ફિઝિક્સ, એન્જીનીયરીંગના જુદા જુદા બ્રિજ કોર્સ આપી શકશે. આ પગલુ શિક્ષણવિદોની આકરી ટીકા બાદ લેવામાં આવ્યો છે જેમણે કહ્યું હતું કે મેથેમેટિક્સ તમામ એન્જિનિયરિંગ ડિગ્રીઓનો પાયો છે. બ્રિજ કોર્સ એ એક ઉપચારિક કોર્સ હશે તે વિદ્યાર્થીઓ માટે જેઓ મેથેમેટિક્સમાં નબળા હશે. તે ઉચ્ચતર માધ્યમિકસ્તરના મેથ્સની સાથે બદલી ન શકાય જે ફાઉન્ડેશનલ કોર્સ છે. સસ્ત્રા યુનિવર્સીટીના વાઇસ ચાન્સેલર એસ વિદ્યાસુબ્રમનિયમે આ મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે એઆઈસીટીઈના એન્જીનીયરીંગ પ્રોગ્રામ માટેના મોડેલ અભ્યાસક્રમમાં મેથેમેટિક્સ પાંચમા સેમેસ્ટર સુધી ભણાવવામાં આવે છે. મેથેમેટિક્સ અને ફિઝિક્સ તમામ એન્જીનીયરીંગ પ્રોગ્રામ માટે ફરજીયાત જ રાખવા જોઈએ. એઆઈસીટીઈ ચેરમેન અનિલ ડી. સહસ્ત્રબુધેએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, "વૈકલ્પિક વિષયની કોઈ મુદ્દો જ નથી. એન્જીનીયરીંગ એજ્યુકેશનમાં પ્રવેશ માટે ઈનપુટ તરીકે આવશ્યક ત્રણ ફરજિયાત અભ્યાસક્રમો જરૂરી છે તેમાં વધારો કરવામાં આવ્યો છે. તેથી વિવિધ શાખાઓ માટે વિવિધ ત્રણ ફરજિયાત અભ્યાસક્રમો હોઈ શકે છે.

## નોકરીની માંગ કરનારને કેન્દ્ર સરકાર આપી રહી છે દેશદ્રોહીનું ટેગઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૨

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનો કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર હુમલો યથાવત છે.એક તરફ રાહુલ ગાંધીએ ગુરુવારે વિદેશી ઈન્સ્ટીટ્યૂટની રિપોર્ટના હવાલો આપતા કહ્યું હતુ કે ભારત હવે લોકતાંત્રિક દેશ નથીં રહ્યો. ત્યારે આજે એટલે કે શુક્રવારે તેમણે બેરોજગારીના મુદ્દા પર કેન્દ્ર સરકારને ઘરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ટ્વીટ કરી લખ્યુ કે વિદ્યાર્થીઓને નોકરી જોઈએ છે પરંતુ સરકાર આપી રહી છે પોલીસના ડંડા, વોટર ગનનો મારો, એન્ટી નેશનલનું ટેગ અને બેરોજગારી. આ સાથે રાહુલ ગાંધીએ સ્ટુડેન્ટ્સ વોન્ટ જોબ્સ. એટલે કે વિદ્યાર્થીઓને નોકરી જોઈએનું હૈશટેગ પણ લગાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા રાહુલે ટ્વિટમાં લખ્યું હતું કે પાકિસ્તાનની રીતે ભારત પણ ઓટોક્રેટિક છે, અને ભારતની સ્થિતિ તો બાંગ્લાદેશ કરતા પણ ખરાબ છે, આમાં સ્વીડનની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રસી રિપોર્ટનો સન્દર્ભ ટાંકવામાં આવ્યો હતો.

# મમતા બેનરજીનો ઈજાગ્રસ્ત થયા પહેલાનો વિડીયો સામે આવ્યો

કોલકાતા,તા.૧૨

પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનરજીને બુધવારે અકસ્માત નડ્યો હતો. નંદીગ્રામમાં ધક્કો વાગવાના કારણે મમતા ઘાલય થઈ ગયા હતાં. મમતા ઉમેદવારીપત્ર ભરવા જઈ રહ્યાં હતાં ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. મમતા બેનરજી ભીડનું અભિવાદન સ્વિકાર કરી રહ્યાં હતાં ત્યારે આ આખી ઘટના ઘટી હતી. મમતાએ આરોપ લગાવ્યો હતો કે, પોલીસકર્મીઓ હાજર નહોતા ત્યારે ચાર-પાંચ લોકોએ તકનો લાભ લઈને તેમને ધક્કો માર્યો હતો. મમતા બેનરજીને પગ અને કમરના ભાગે ઈજા પહોંચી છે. હાલ તેમની કોલકાતાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હવે મમતા બેનરજી ઈજાગ્રસ્ત થયા બરાબર તેની પહેલાનો જ એક વીડિયો સામે આવ્યો છે.

મમતા બેનરજી બે દિવસ પહેલા નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ઉમેદવારીપત્ર ભરવા આવ્યા હતાં. મમતાને લઈને અહીં લોકોની ભારે ભીડ એકત્ર થઈ ગઈ હતી. આ દરમિયાન મમતા બેનરજી તેમની કાર નજીક જ પડી ગયા હતાં અને તેમને પગના ભાગે અને કમરના ભાગે ઈજા પહોંચી હતી. આ મામલે મમતાએ ભાજપને જવાબદાર ઠેરવી હતી. મમતાએ ભાજપ પર આરોપ લગાવ્યો છે કે, ભાજપના ચાર-પાંચ લોકોએ મને ચક્કો મારીને પાડી દીધી હતી. હવે મમતા બેનરજી ઈજાગ્રસ્ત થયા તે પહેલાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે, મમતા બેનરજીની આસપાસ મોટી સંખ્યામાં લોકોની ભીડ છે. વીડિયોમાં એ પણ સ્પષ્ટ જોવા મળે છે કે, કારના ફૂટબોર્ડ પર ઉભા રહીને સમર્થકોનું અભિવાદન સ્વિકારી રહ્યાં છે. આ દરમિયાન ધક્કો વાગવાથી તે ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. ટીએમસીના એક સમર્થકે કહ્યું હતું કે, જ્યારે અકસ્માત થયો ત્યારે કારનો અડધો દરવાજો ખુલ્લો હતો અને મમતાના અંગત સુરક્ષાકર્મીઓ પણ ત્યાં હાજર હતાં. ઘટનાસ્થળ પર હાજર લોકોનું માનવું છે કે, યોગ્ય રીતે ભીડનું મેનેજમેન્ટ ના હોવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. આમ મમતા બેનરજીના ભાજપ પરના આરોપો પાયાવિહોણા સાબિત થાય છે.

# કોરોનાકાળ વચ્ચે વિશ્વમાં ચીનનો વાયરસ પાસપોર્ટ ચર્ચામાં

બેજિંગ,તા.૧૨

કોરોના મહામારીના સમયગાળા અંતર્ગત સમગ્ર વિશ્વમાં'વાયરસ પાસપોર્ટ' ખૂબ ચર્ચામાં છે. દરમિયાન, ચીને તેના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે આરોગ્ય પ્રમાણપત્ર કાર્યક્રમ શરૂ કર્યો છે. આવું કરવા માટે ચીન વિશ્વનો પહેલો દેશ બન્યો છે. એટલે કે, દેશમાં અને બહાર આવનારાઓ પાસે હવે ડિજિટલ સર્ટિફિકેટ હશે, જે વપરાશકર્તાની રસીની સ્થિતિ અને પરીક્ષણ પરિણામો જણાવશે. અન્ય ઘણા દેશો પણ આ પ્રમાણપત્ર પર વિચારણા કરી રહ્યા છે.આ પ્રમાણપત્રો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વીચેટ દ્વારા મળશે. સરકારે સોમવારે આની શરૂઆત કરી છે. જો કે, આ પ્રમાણપત્ર ફક્ત ચીની નાગરિકો માટે ઉપલબ્ધ રહેશે. અત્યારે તેને ફરજિયાત કરવામાં આવ્યું નથી. ડિજિટલ ફોર્મેટ ઉપરાંત આ સર્ટિફિકેટ પણ પેપર ફોર્મમાં રહેશે. તેને વિશ્વનો પ્રથમ વાયરસ પાસપોર્ટ કહેવામાં આવી રહ્યો છે.

અમેરિકા અને બ્રિટન એવા દેશોમાં શામેલ છે જે હાલમાં આવી પરવાનગીની અમલવારી કરવાનું વિચારી રહ્યા છે. યુરોપિયન યુનિયન, 'ગ્રીન પાસ' રસી ઉપર પણ કામ કરી રહ્યું છે. આના માધ્યમથી સિવિલ યુનિયનના સભ્યો દેશ અને અન્ય વિદેશી દેશોમાં જઈ શકશે. સમાચાર એજન્સી સિન્હુઆના અહેવાલ મુજબ, ચીનમાં શરૂ થયેલ પ્રોગ્રામમાં ક્યૂઆર કોડ શામેલ હશે, જે મુસાફરોના સ્વાસ્થ્ય વિશે તમામ દેશોને માહિતી આપશે. ચાઇના અને અન્ય સાર્વજનિક સ્થળોએ ઘરેલુ પાસપોર્ટ્સ માટે વેચટ અને અન્ય ચાઈનીઝ સ્માર્ટફોન એપ્લિકેશન્સમાં હાજર ક્યુઆર કોડની જરૂર છે.

વર્લ્ડમીટરના આંકડા દર્શાવે છે કે ચીનમાં અત્યાર સુધીમાં ૯૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. તેમાંથી ૪ હજાર ૬૩૬ દર્દીઓના મોત થયા છે. દેશમાં સંક્રમિત ૮૫ હજાર ૨૦૧ સ્વસ્થ થઈને સ્વદેશ પરત ફર્યા છે. અમેરિકા હજી પણ વિશ્વનો સૌથી પ્રભાવિત દેશ છે. આજ સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૧ કરોડ ૮૬ લાખ ૩૮ હજાર ૧૧૧ કેસ નોંધાયા છે.

## જેડીયુના નેતાએ ભાજપ-જેડીયુ જોડાણ તુટવાની વાત કરતા માહોલ ગરમાયું

પટના,તા.૧૨

બિહારમાં સત્તાધારી જેડીયુના ટોચના નેતા શ્યામ બહાદુર સિંહે ભાજપ-જેડીયુ જોડાણ તૂટશે એવો સંકેત આપતાં રાજકીય અટકળોનું બજાર તેજ છે. સિંહે સિવાનમાં જેડીયુ કાર્યકરોના સંમેલનમાં કહ્યું કે, બિહારમાં ક્યાં સુધી ગઠબંધન રહેશે અને ક્યારે તૂટી જશે તેની કોઈને ખબર નથી. સિંહે એમ પણ કહ્યું કે, ભાજપનો જરાય ભરોસો કરવા જેવો નથી તેથી નીતિશ કુમારને એટલા મજબૂત બનાવો કે ભાજપ કે બીજા કોઈ સાથીના ટેકા વિના પણ ટકી શકે.

શ્યામ બહાદુર સિંહે જેડીયુ પ્રદેશ પ્રમુખ ઉમેશ કુશવાહા અને નીતિશની અત્યંત નજીક મનાતા વિદ્યાનંદ વિકલની હાજરીમાં આ વાત કહી. બંને નેતાએ પોતાના ભાષણમાં સિંહની વાતને નકારી નહીં તેના પરથી સિંહની વાતોને હાઈકમાન્ડનું સમર્થન હોવાનું મનાય છે.

## G-23ના આઝાદ સહિત અનેક નેતાઓનો સમાવેશ કરાયો નહીં

# પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઃ કોંગ્રેસે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી

*બેંગલુરૂ,તા.૧૨*

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી કોંગ્રેસે શુક્રવારે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૩૦ પ્રચારકોના નામનો સમાવેશ થાય છે. જોકે આ યાદીમાં ૫-૨૩ નેતાઓને સ્થાન મળ્યું નથી. ૫-૨૩ એવા નેતાઓ છે કે જેઓ કોંગ્રેસ હાઈકમાન્ડના કાર્યોથી નારાજ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે ૧૨ માર્ચના રોજ પોતાના ૩૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી હતી. આ યાદીમાં પાર્ટીના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ તથા પ્રિયંકા ઉપરાંત ભૂતપુર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહના નામનો સમાવેશ થાય છે. આ યાદીમાં સચિન પાયલટ, નવજોત સિંહ સિદ્ધુ, અભિજીત મુખર્જી (ભૂતપુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના દિકરા), અને મોહમ્મદ અઝહરુદ્દીન વગેરે સ્ટાર પ્રચારકોનો સમાવેશ થાય છે.

બંગાળમાં કોંગ્રેસ માટે ચૂંટણી પ્રચાર કરનારાઓમાં મલ્લિકાર્જુન ખડગે, અશોક ગહેલોત, કેપ્ટન અમરિંદર સિંહ, ભપુશ બઘેલ, કમલનાથ, અધીર રંજન ચૌધરી, બીકે હરિપ્રસાદ, સલમાન ખુર્શીદ, રણદીપ સુરજેવાલા, જીતિન પ્રસાદ, આરપીએન સિંહ, અબ્દુલ મન્નાન, પ્રદીપ ભટ્ટાચાર્ય, દીપા દાસમુંસી, એએચ ખાન ચૌધરી વગેરે સમાવેશ થાય છે.???????

ગુલાબ નબી આઝાદ, કપિલ સિબ્બલ, આનંદ શર્મા, રાજ બબ્બર, મિલિંદ દેવડા, ભૂપિંદર સિંહ હુડ્ડા, મનીષ તિવારી, વીરપ્પા મોઈલી. પીજી કુરિયન, સંદીપ દીક્ષિત વગેરે નેતાઓને સ્થાન મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા સપ્તાહે કોંગ્રેસે ઉમેદવારોની યાદી જાહેરી કરી હતી. આ યાદીમાં કોંગ્રેસે ૧૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

# એમપી અને રાજસ્થાન સહિત ૭ રાજ્યમાં આજે માવઠુંની આગાહી



ન્યુ દિલ્હી,તા.૧૨

માર્ચ મહિનામાં સમગ્ર દેશમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. ઝારખંડમાં કરા સાથે વરસાદ પડવાની સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશમાં પણ કમોસમી વરસાદ પડ્યો હતો, જેનાથી તાપમાનમાં ઘટાડો થયો છે. ૧૪ અને ૧૫ માર્ચના રોજ કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશમાં વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે શનિવારે ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં કરા સાથે વરસાદ પડશે.

આ રાજ્યોમાં ઓરેન્જ અલર્ટ અપાયું છે, જયારે કાશ્મીર, લદાખ અને પંજાબમાં યેલો અલર્ટ અપાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ અને બિહારના ઘણા વિસ્તારમાં કરા પડશે. ઝારખંડમાં ઘણા વિસ્તારોમાં ગુરુવાર સાંજે ભારે વરસાદ પડ્યો હતો. લોકોને ગરમીમાં રાહત મળી હતી. અહીં મેક્સિમમ તાપમાન ૩૩ ડીગ્રી નોંધાયું હતું. હવામન વિભાગે શુક્રવારે પણ કરા સાથે વરસાદ પડવાની આગાહી કરી છે.

રાજસ્થાનના કોટામાં ગુરુવારે ત્રણવાર વાતાવરણ બદલાયું. બપોર સુધી તડકો હતો, બપોર પછી વાદળા આવ્યાં અને સાંજે ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. શનિવારે વાદળાં વિખેરાઈ જશે અને વાતાવરણ સાફ થઈ જશે. હરિયાણામાં શુક્રવારે ભારે પવન સાથે વરસાદ પડશે. આ દિવસે ૪થી ૫ ડીગ્રી તાપમાન ઘટવાની સંભાવના છે. પંજાબનાં ઘણાં શહેરોમાં ૧૭ માર્ચ સુધી વાદળછાયું વાતાવરણ રહેશે. જલંધરમાં પણ ઝાપટાં પડવાની સંભાવના છે.

# દેશની તમામ સૈનિક શાળાઓમાં હવે છોકરીઓને પણ એડમિશન મળશે

ન્યુ દિલ્હી,તા.૧૨

કેન્દ્ર સરકારે ૧૦ માર્ચના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી દેશભરની તમામ સૈન્ય શાળાઓમાં ગર્લ્સ કેડેટ્સને પણ પ્રવેશ આપવાનો નિર્ણય લીધો છે. દેશમાં હાલ ૩૩ લશ્કરી શાળાઓ છે, જેમાં ફક્ત છોકરાઓ જ પ્રવેશ લઈ શકે છે. પરંતુ હવે છોકરીઓ પણ આ શૈક્ષણિક સત્રાથી સૈન્ય શાળામાં પ્રવેશ લઈ શકશે. આ શાળાઓ સૈનિક સ્કૂલ સોસાયટી દ્વારા ચલાવવામાં આવે છે, જે રક્ષા મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ છે. સૈનિક શાળાઓની સ્થાપનાનો હેતુ વિદ્યાર્થીઓને નાનપણથી જ ભારતીય સશસ્ત્ર દળમાં પ્રવેશ માટે તૈયાર કરવાનો છે.

એજન્સીના જણાવ્યા અનુસાર, સંરક્ષણ રાજયમંત્રી શ્રીપદ નાયકે લોકસભામાં જણાવ્યું કે, મિઝોરમની સૈનિક સ્કૂલ છંગછીમાં અકેડેમિક યર ૨૦૧૮-૧૯માં ગર્લ્સ કેડેટમાં પ્રવેશ માટેના પાયલટ પ્રોજેક્ટની સફળતા પછી સરકારે હવે વર્ષ ૨૦૨૧-૨૨માં આ નવું શૈક્ષણિક સત્ર શરૂ કર્યું છે અને તેમાં છોકરાઓ અને છોકરીઓને બધી સૈન્ય શાળાઓમાં પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રાજ્યમંત્રીએ એવું પણ કહ્યું કે, સરકાર બિન-સરકારી સંગઠનો, પ્રાઈવેટ સ્કૂલ્સ અને રાજ્ય સરકારોની ભાગીદારીમાં દેશમાં સૈનિક શાળાઓની સ્થાપના માટે નવી યોજના લાવવાનો પ્રસ્તાવ રજૂ કરી રહી છે.

રાજ્ય સરકારોની વિનંતીઓની પ્રાપ્તિ પર સૈનિક શાળાઓની સ્થાપના કરવામાં આવે છે. અગાઉ લશ્કરી શાળાઓમાં ફક્ત છોકરાઓને જ પ્રવેશ આપવામાં આવતો હતો. રાજ્યમંત્રીએ લોકસભામાં એક લેખિત જવાબમાં માહિતી આપી હતી કે, આગામી શૈક્ષણિક સત્રાથી છોકરીઓ પણ તમામ સૈન્ય શાળાઓમાં પ્રવેશ લઈ શકશે.

# એન્ટિલિયા કેસઃ તિહાડમાં રેડ, આતંકી તહસીન અખ્તરના બેરેકમાંથી મોબાઈલ સીઝ કરાયો



મુંબઈ,તા.૧૨

મુંબઈ સ્થિત એન્ટિલિયાની બહાર ઊભેલી સ્કોર્પિયોમાંથી જિલેટીનની સ્ટિક્સ મળવાના તાર દિલ્હીની તિહાડ જેલ સાથે જોડાયેલા છે. સુરક્ષા એજન્સીઓએ ઈન્ડિયન મુજાહિદ્દીનના આતંકીની બેરેકમાંથી મોબાઈલ ફોન સીઝ કર્યો છે. એક મીડિયાના અહેવાલ મુજબ, તિહાડમાં ગુરુવારે સાંજે ૬ વાગ્યાથી રાતે ૯ વાગ્યા સુધી રેડ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, સુરક્ષા એજન્સીઓએ જેલ નંબર-૮માં રેડ કરી. ઈન્ડિયન મુજાહિદ્દીનના આતંકી તહસીન અખ્તરની બેરેકમાંથી મોબાઈલ સીઝ કરવામાં આવ્યો છે. આ મોબાઈલમાંથી ટેલિગ્રામ ચેનલ એક્ટિવેટ કરવામાં આવી હતી. તહસીન અખ્તર, પટનાના ગાંધી મેદાનમાં પીએમ નરેન્દ્ર મોદીની રેલીમાં બોમ્બબ્લાસ્ટ, હૈદરાબાદમાં બ્લાસ્ટ, બોધગયા બોમ્બબ્લાસ્ટમાં સામેલ રહ્યો છે.

તહસીન અખ્તરના બેરેકમાંથી મોબાઈલ જપ્ત કરવામાં આવ્યો, આ મોબાઈલમાં ટોર બ્રાઉઝર દ્વારા વર્ચ્યુઅલ નંબર ક્રિયેટ કરવામાં આવ્યો અને પછી ટેલિગ્રામ અકાઉન્ટ બનાવવામાં આવ્યું. એ પછી ધમકીભર્યું પોસ્ટર તૈયાર કરવામાં આવ્યું. હવે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ તહસીન અખ્તરને જેલમાંથી રિમાન્ડ પર લઈને પૂછપરછ કરશે. એની સાથે જ એક બીજો મોબાઈલ નંબર પણ સ્પેશિયલ સેલના રડાર પર છે. આ નંબર સપ્ટેમ્બરમાં એક્ટિવેટ થયો હતો અને પછી બંધ કરી દેવામાં આવ્યો. સૂત્રોના જણાવ્યા મુજબ, બે મોબાઈલ નંબર નકલી દસ્તાવેજના આધારે તિહાડમાં બંધ કેટલાક લોકો માટે ખરીદવામાં આવ્યા હતા. ખાનગી સાયબર ફર્મે તૈયાર કરેલા એક સિક્યોરિટી એનાલિસિસ રિપોર્ટના જણાવ્યા અનુસાર, એ ટેલિગ્રામ ચેનલ ૨૬ ફેબ્રુઆરીએ ૩ વાગ્યે ટોર નેટવર્ક દ્વારા બનાવવામાં આવી હતી. એનો ડાર્ક વેબનો ઉપયોગ કરવા માટે કરવામાં આવે છે. જે સિમકાર્ડથી આ કરવામાં આવ્યું હતું એનું લોકેશન તિહાડ જેલ આવી રહ્યું છે. ડાર્ક વેબ ઈન્ટરનેટનો એક હિસ્સો છે, જેને માત્ર TOR જેવા નેટવર્કના માધ્યમથી એક્સેસ કરી શકાય છે, નહિ કે પારંપરિક સર્ચ એન્જિન પર.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે
પાંચ પદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : સ્ત્રી . નારી ના નવલાં રૂપ
..સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews

---

NOG NO. - 0065

પ્રકાર - પદ્ય
શીર્ષક - આજની નારી

હું આજની નારી,
પ્રેમે ઝૂકું પણ કદી ના હારુ,
ભૂલી જગતની પરંપરા,
સ્વમાનથી જીવન જીવનારી,
બાળક સાથે ભણું ફરી,
અબળા નથી હું છું સબળા,
શક્તિનું નામ છે નારી,
નારી નારાયણી બને તેમા,
આખા રાષ્ટ્રનું કલ્યાણ છે.

હર્ષા શાહ

---

NOG SS NO- 0088
વિષય શબ્દ- સ્ત્રી(વિશ્વ મહિલા દિન)
પ્રકાર- પદ્ય
શિર્ષક - હું ક્ષમા.. મા!

હું જ્યોતિ, હું આગ, હું સતત..
ભડકે બળતી જ્વાળ છું!
હું વામા, હું શ્યામા.. હું..
આધી અધૂરી વાત છું!
હું રોલી કુમકુમ ને ગુલાલ, હલ્દી..
થી ઉપસતી મધુરી ભાત છું!
હું પૂનમ, હું ચંદ્રની સોળ કળા!
ને કાજળઘેરી રાત છું...
હું ધરતી, હું જાત ખેડતી ભૂમિજા!
ને સતત ઉગાડાતી માત છું!
હું રમણી, રતિ.. હું કલ્પનાની,
સ્વપ્ને જોવાતી જાત છું!
હું કજિયો, હું જ કંકાસ સદા..
એવા આરોપોની ઠલવાતી દાદ છું.
હું શક્તિ, હું સાક્ષાત સરસ્વતી..
છતાં સરેઆમ લૂંટાતી લાજ છું!
હું કામિની, હું કરુણા, હું ક્ષમા.. મા!
માનવને સદા સંવર્ધિત કરતી બાગ છું.

ડો. મનીષા વ્યાસ

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા
NOG SS No. : 0034
વિભાગ : પદ્ય (અછાંદસ)
શીર્ષક : હું એક સ્ત્રી છું!

હા, છે અભિમાન મને,
હું એક સ્ત્રી છું!
તમે ભલે કહો,
અબળા ને બિચારી,
પણ, હું છું,
શક્તિસ્વરૂપા નારી.
મારાં થકી જ,
સંસારચક્ર ગતિશીલ રહે,
છતાંય,
મારી અવગણના!
વળી, ક્યારેક કહો,
સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ!
પણ, એ કેમ ભૂલો છો કે,
હું જ છું,
સૌનો આધારસ્તંભ....

ગૃહલક્ષ્મી ને ગૃહસ્વામિની હું,
રક્ષાની બાંધનારી હું,
તુલસીક્યારો ને
વ્હાલનો દરિયો પણ હું,
દિપાવું દરેક સંબંધોને,
તારું હું બે કુળને,
તોય ગણો મને અબળા!
હા, છે મને ગર્વ,
હું એક સ્ત્રી છું!!

ડો. રેખા શાહ કચોરીયા

---

NOG SS No-0053
સાહિત્ય સરિતા
પ્રકાર- પદ્ય
શીર્ષકઃ- માનવી બની તો જો..

હે માનવ !એકવાર માનવી બની તો જો,
રિવાજોમાં ન અટવાઈ માનવી બની તો જો.
છોકરો ને છોકરીનો ભેદ શું કામ રાખે તું,
સમભાવ ને સમદ્રષ્ટિથી માનવી બની તો જો.
જન્મતાં પહેલાં ગર્ભહત્યા કરી દાનવ ન થા,
દેવને દુર્લભ એ અવતારમાં માનવી બની તો જો.
અવકાશમાં જઈને આવી કલ્પના ચાવલા
નારીને ઉન્નત માર્ગે લઇ જનાર માનવી બની તો જો.
હું નારી નારાયણી ને નવ દુર્ગાનાં રૂપે અવતરતી,
નારીને નર સમાન માની માનવી બની તો જો.

ચેતનાબેન પંચાલ 'ચેતના',પાલનપુર.

---

NOG SS NO : 0040
પ્રકાર : પદ્ય
શબ્દ : સ્ત્રી
શીર્ષક : નારી

નારીની વ્યથા ને કથા બહુ લખાણી
ખરું જૂઓ તો એ નથી કોઈથી અજાણી
એ તો ઝંખે છે ફક્ત
પ્રેમ અને આત્મસમ્માનની લહાણી
સંવેદનાઓથી છે એ ભરપૂર
કઠોર વેદનાઓ એ પચાવે પ્રચુર
સમર્પણ સદા એ છે એની અદા
પણ કસોટી જો કરશો; મળશે આકરી
સજા મોકળાશ એને આપજો
કે વિહરે ગગન અપાર
લગીરે નહીં લાગે તમ દીકરીનો ભાર!

વૈશાલી મહેતા.

## સુરતમાં કોરોનાના નવા સ્ટ્રેનને લઈ તંત્ર સતર્ક, બેદરકારો સામે તંત્રની લાલ આંખ

સુરત,તા.૧૨

સુરત શહેરમાં કોરોનાના નવા સ્ટ્રેનના ભય વચ્ચે પણ લોકો બેફિકર દેખાઈ રહ્યા છે, ત્યાં હવે બીજી તરફ કોરોનાનો આંકડો ૨૦૦ પાર કરી ગયો છે. ગત રોજ સુરતમાં ૨૦૧ કોરોનાનાં કેસ નોંધાયા હતા. હવે મહાનગરપાલિકા દ્વારા પણ લાલ આંખ કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા દંડ વસુલવામાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. હીરા અને ટેક્સટાઇલ માર્કેટમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. સાથે સાથે શાળા, કોલેજ અને ટ્યુશન ક્લાસિસમાં પણ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે.

કાપડ માર્કેટમાં તો ૧૮ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. ત્રણ ટેક્સટાઇલ માર્કેટમાં જ્યાં કેસ મળી આવ્યા છે ત્યાં તે ફ્લોર બંધ કરી દેવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના તારાપુર, ધૂળિયા અને જલગાંવથી આવેલા પ્રવાસીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે. ગુરુવારે સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં ૧૦ વિદ્યાર્થીઓને કોરોનાનો ચેપ લાગ્યો હોવાની માહિતી સામે આવી છે. ૧૦ વિદ્યાર્થી, એક શિક્ષક, એક પ્રોફેસર કોરોના સંક્રમિત થયા હતા. એટલું જ નહીં એક પોલીસ અધિકારી પણ કોરોના સંક્રમિત થયા હોવાથી કોરોન્ટાઈન થઈ ગયા છે, જેથી હવે કોમ્યુનિટી હોલ પણ બૂકિંગ માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ એનઓસી આપશે તો જ બુકિંગ મળશે. સાથે સાથે કોલેજ, શાળા અને ટ્યુશન ક્લાસિસમાં આવેલી કેન્ટીન બંધ કરી દેવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. સુરતમાં સતત કોરોનાના દર્દીઓની સંખ્યાએ રફતાર પકડી છે. સુરત શહેરમાં ૧૭૧, સુરત ગ્રામ્યમાં ૩૦ કેસ સામે આવ્યા છે, જ્યારે સુરતમાં હાલમાં કોરોનાનાં એક્ટિવ કેસની સંખ્યામાં વધારો થતા આંકડો ૯૬૭ પર પહોંચી ગયો છે. કોરોનાનાં કેસમાં સતત વધારો થતો હોવાથી લોકોએ સાવચેતી રાખવી જ પડશે. લોકોએ 'જાન હૈ તો જહાન હૈ' આ વાક્ય યાદ રાખીને કોરોનાથી બચવા માટે સરકારની ગાઇડલાઇનને અનુસરવી જરૂરી છે.

## ગાંધી આશ્રમમાં અફરાતફરી:'જો એન્ટ્રી જ નહોતી આપવી તો આંમત્રણ શું કામ આપ્યું

અમદાવાદ,તા.૧૨

ભારતની આઝાદીના ૭૫મા વર્ષે અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીમાં વડાપ્રધાન મોદી ભાગ લેશે. પીએમ મોદી ગણતરીની મીનિટમાં અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે. બીજી તરફ, વહેલી સવારથી રાજ્ય તેમજ દેશના ખૂણે ખૂણેથી લોકો ગાંધી આશ્રમ આવી રહ્યા છે. ત્યારે સભાનો ડોમ ભરાઈ જતાં લોકોને બહાર કાઢતાં આક્રોશનો માહોલ ફેલાયો હતો. પોલીસ સાથે ઘર્ષણ થતાં લોકોએ કહ્યું, ધારાસભ્યો બસો ભરી ભરી લઈ આવ્યા, પણ આશ્રમમાં એન્ટ્રી નથી મળી, તો આમંત્રણ જ શું કામ આપ્યું. સાબરકાંઠાથી આવેલા ૫૦થી ૬૦ લોકોને અભયઘાટના ગેટથી જ ધકેલી દીધા હતા, જેને કારણે કાર્યકરોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.પોલીસ દ્વારા તમામને સમજાવવાના પ્રયાસો કરાયા હતા. ત્યાર બાદ કેટલાકને બત્રીસી હોલમાં બેસાડ્યા છે. સાણંદ, તલોદ જેવા અલગ અલગ જગ્યાએથી આવેલા લોકોને પણ પરત મોકલવામાં આવી રહ્યા છે. સાબરકાંઠાથી આવેલા લોકોએ ટીડીઓને ફોન કરીને ખખડાવ્યા છે.

એક કાર્યકરે કહ્યું હતું કે અમને આટલા દૂરથી બધી તૈયારી કરીને પાસ ચકાસીને મોકલ્યા અને હવે તમે ના પડો છો, સાથે બીજા કાર્યકારે પોલીસને કહ્યું, ગાંધીજીના કાર્યક્રમમાં જ આવી રીતે રોકવામાં આવે છે તો હવે કોઈને કઈ કહેવા જેવું નથી.પોલીસે તમામને આશ્રમની બાજુના બત્રીસી ભવનમાં બેસાડ્યા. વડાપ્રધાનના આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમમાં ભાગ લેવા અનેક લોકો પહોંચ્યા છે, જેમાં ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ પણ આવ્યા છે; ત્યારે ઈસનપુરનાં ભાજપના મહિલા કોર્પરેટર મોના રાવલ માસ્ક વિના જોવા મળ્યાં હતાં.

## ભાવનગરમાં મેયરની વરણીને લઈને વિવાદ વકર્યો, વાઘાણી સામે આક્ષેપ

ભાવનગર,તા.૧૨

ભાવનગર મહાનગરપાલિકામાં ભાજપે બહુમતી મેળવ્યા બાદ મેયરની વરણી થયા પછી હવે મેયરની વરણીનો વિવાદ વધુ વકર્યો છે. ભાજપના સિનિયર મહિલા અને કોર્પોરેટર વર્ષાબા પરમારને પાર્ટીએ મેયર ના બનાવતા તેમણે અગાઉ જીતુ વાઘાણી સામે આક્ષેપ કર્યા બાદ હવે આજે ભાજપના જ એક સોશિયલ મીડિયાના ગ્રુપમાં રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી વિભાવરી બેન દવે અને જીતુ વાઘાણીનું નામ લખીને પોસ્ટ વહેતી કરતા ખળભળાટ મચી ગયો છે. ત્યારે હવે જોવાનું રહેશે કે વર્ષાબા સામે પક્ષ શિસ્તભંગના પગલાં ભરશે કે કેમ? ભાવનગર મહાનગરપાલિકામાં ભાજપે બહુમતી મેળવ્યા બાદ તાજેતરમાં મેયર તરીકે કીર્તિબેન દાણીધારીયાની વરણી કરતા વિવાદનો મધપૂડો છંછેડાયો છે. ભાવનગરમાં મેયર બનેલા કીર્તિબેન ઉપરાંત અન્ય એક સિનિયર મહિલા નેતા વર્ષાબા પરમારનું નામ પણ મેયર તરીકે ચર્ચામાં હતું,

પરંતુ તેમનું નામ રદ્દ કરીને પાર્ટીએ છેલ્લી ઘડીએ કીર્તિબેનનું નામ જાહેર કરતા વર્ષાબાએ તે જ દિવસે પક્ષ સામે બળાપો કાઢીને જીતુ વાઘાણીના ઈશારે તેમને મેયર નથી બનાવ્યા તેવો સનસનીખેજ આક્ષેપ કર્યો હતો. આ ઘટનાના બે દિવસ બાદ આજે ફરી એક વખત વિવાદ વધુ ચરમસીમાએ પહોંચ્યો છે. વર્ષાબાએ આજે ભાજપના એક ગ્રુપમાં જીતુ વાઘાણી ઉપરાંત વિભાવરી દવે દ્વારા પણ તેમને હેરાન કરવામાં આવતા હોવાનો અને તેમના કારણે તેમને મેયરપદ મળ્યું નથી તેવી પોસ્ટ વહેતી કરતા ખળભળાટ મચી ગયો છે. આજે ભાવનગરમાં યોજાયેલ આઝાદીના અમૃત મહોત્સવમાં વિભાવરી દવે અને વર્ષાબા પરમાર એક જ સ્થળે ભેગા થયા હતા અને ત્યાં પણ વિવાદનો મધપૂડો છંછેડાયો હતો.

અહીં વર્ષાબા પરમારે ફરી એક વખત મીડિયાને કહ્યું કે, મને વિભાવરી દવે દ્વારા પણ હેરાન કરવામાં આવે છે અને હું આગળ વધુ તે તેમને ગમતું નથી માટે મને પરેશાન કરે છે.તેમણે એમ પણ કહ્યું કે, મહામંત્રી યોગેશ બદાણીએ પણ મને વિભાવરી બેનના ઘરે બોલાવી હતી અને વિભાવરી બેન દવેએ માતાજી સામે મને સમ ખવડાવીને કહ્યું, તમારે પશ્ચિમમાં નહીં; મારી સાથે કામ કરવાનું છે. આમ આ પ્રકારની દાદાગીરી મારી સાથે કરવામાં આવે છે. ભાવનગર મનપામાં મેયર તરીકે જે દિવસે કીર્તિબેનની વરણી કરવામાં આવી તે દિવસથી જ આમ તો વર્ષાબાએ કરેલા આક્ષેપોના કારણે ભાજપ ચોંકી ગયું હતું અને હવે ફરી આજે એક વખત રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી અને ધારાસભ્ય વિભાવરી બેન સામે પણ આક્ષેપો થતા હવે ભાજપમાં મેયરની વરણીનો મુદ્દો ચરમસીમાએ પહોંચ્યો છે.

## મંજૂરી વગર કોંગ્રેસની દાંડીકૂચ, ચાવડા, ધાનાણી સહિત ઘણાની અટકાયત

અમદાવાદ,તા.૧૨

એક બાજુ અમદાવાદમાં આઝાદીના અમૃત મહોત્સવની શરૂઆત કરાવવા અને દાંડી કૂચને પ્રસ્થાન કરાવવા માટે પીએમ મોદી આજે અમદાવાદની મુલકાતે હતા. કાર્યક્રમ પૂરો થતા જ કોંગ્રેસની પણ એક દાંડી કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વખતે ટ્રેક્ટરને પણ સામેલ કરાયા હતા. જો કે પોલીસ દ્વારા આ દાંડી કૂચને મંજૂરી આપવામાં આવી નહતી. આમ છતાં કોંગ્રેસ પોતાની આ દાંડી કૂચ માટે મક્કમ હતી અને ૨ કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય પર કાર્યકરો અને નેતાઓનો જમાવડો થવા લાગ્યો. મંજૂરી વગર કોંગ્રેસે દાંડી યાત્રા કાઢવાનો પ્રયત્ન કરતા કાર્યકરો અને નેતાઓનું પોલીસ સાથે ઘર્ષણ થયું. અનેક લોકોની અટકાયત કરવામાં આવી છે.



કોંગ્રેસ કાર્યાલયથી દાંડી યાત્રા કાઢીને ગાંધી આશ્રમ તરફ જવા માટે કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ નીકળ્યા હતા. અમિત ચાવડા, પરેશ ધાનાણી, કેટલાક મહિલા નેતાઓ અને કાર્યકરો એલિસ બ્રિજ સુધી પહોંચી પણ ગયા. પણ પરેશ ધાનાણીને વીએસ હોસ્પિટલ પાસે અટકાવી લેવાયા. જયારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સિદ્ધાર્થ પટેલની પણ એલિસ બ્રિજથી જ અટકાયત કરી લેવાઈ. અનેક કાર્યકરોને ટીંગાટોળી કરીને લઈ જવાયા. મહિલા નેતા પ્રગતિ આહિરનું પણ પોલીસ સાથે ઘર્ષણ થયું. પોલીસ અને કોંગ્રેસ કાર્યકરો વચ્ચે ઘર્ષણ થવાના કારણે એક કોંગ્રેસ કાર્યકરની તબિયત લથડી છે.

કાર્યકર બેભાન થઈ ગયા છે. કાર્યકરને સારવાર માટેની તજવીજ હાથ ધરાઈ છે. કોંગ્રેસ આજના દિવસે દાંડી કૂચ કાઢવા માટે મક્કમ હતી જેના પગલે ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને ગાંધીનગર એમએલએ ક્વાટર ખાતે નજરકેદ કરવામાં આવ્યા હતા. આ સિવાય અન્ય નેતાઓને પણ નજરકેદ રાખવામાં આવ્યા હતા. કોંગ્રેસે ટ્રેક્ટર રેલી માટે એકઠા કરેલા ટ્રેક્ટરના ટાયરની હવા કાઢી નાખવામાં આવી. યાત્રા માટે એકઠા કરાયેલા સામાનમાં તોડફોડ કરવામાં આવી. જયાં ટ્રેક્ટર એકઠા કર્યા હતા એ પાર્ટી પ્લોટની બહાર પોલીસ ખડકી દેવાઇ છે. આમ છતાં કોંગ્રેસ દાંડીયાત્રા રૂટ પર ટ્રેક્ટર સત્યાગ્રહ કરવા મક્કમ હતી. દર વખતે દાંડી કૂચના દિવસે કોંગ્રેસ દ્વારા આ રીતે દાંડીકૂચ કાઢવામાં આવતી હોય છે. પરંતુ આ વખતે આઝાદીના અમૃત મહોત્સવના કારણે મંજૂરી અપાઈ નહતી. આ વખતે કોંગ્રેસે દાંડીકૂચની સાથે સાથે ખેડૂતોનો મુદ્દો ઉઠાવીને ટ્રેક્ટરોને પણ સામેલ કર્યા હતા.

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં્ -૨૦ મેચ જોવા માટે ૫૦ ટકા દર્શકોને જ મળશે મંજૂરી

અમદાવાદ,તા.૧૨

આજથી અમદાવાદમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી૨૦ સીરિઝ શરૂ થઈ રહી છે. તે પહેલા ય્ઝઇ દ્વારા સ્ટેડિયમની ૫૦ ટકા બેઠકો ભરવાનો નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોનાએ ફરીવાર ચિંતા વધારી છે. તો આ તરફ કોરોના મહામારી વચ્ચે આજથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી૨૦ સીરિઝ શરૂ થઈ રહી છે. ત્યારે ય્ઝઇ દ્વારા કોરોનાને ધ્યાને રાખીને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પહેલા ખીચોખીચ સ્ટેડિયમ ભરવાની વાત હતી પરંતુ કોરોના સંકટ વધતા અને વિરોધ થતાં જીસીએ દ્વારા સ્ટેડિયમની ૫૦ ટકા બેઠકો જ ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તો મેચ શરૂ થતાં પહેલા સમગ્ર સ્ટેડિયમને સેનેટાઈઝ કરાયું છે અને કોવિડ ગાઈડલાઈનનું પાલન પણ કરવામાં આવી રહ્યું છે.

## સુરતના મેયર બન્યા હેમાલી બોઘાવાલા, સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પરેશ પટેલની વરણી

સુરત,તા.૧૨

સુરતને નવા મેયર મળી ગયા છે. હેમાલી બોઘાવાલાને સુરતના નવા મેયર બનાવાયા છે. જ્યારે દિનેશ જોધાણીને સુરતના ડેપ્યૂટી મેયર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત જીસ્ઝ સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પરેશ પટેલની વરણી કરવામાં આવી છે. તેમજ શાસકપક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપૂતની નિયુક્તિ કરવામાં આવી છે. દંડક તરીકે વિનોદ પટેલની વરણી કરવામાં આવી છે. છ મહાનગરપાલિકામાં ભવ્ય વિજય બાદ ભાજપ દ્વારા અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયર અને પદાધિકારીઓની જાહેરાત કરી દેવામાં આવી હતી.

જ્યારે રાજકોટ, સુરત અને જામનગરના મેયર અને પદાધિકારીઓનાં નામોની જાહેરાત બાકી હતી. જેમાં આજે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશ માટે મેયર તરીકે હેમાલી બોઘાવાલાને પસંદ કરવામાં આવ્યા છે. ૩ મહાનગરોના મેયર પદ સહિતના હોદ્દેદારોની જાહેરાત થઈ છે. જેમા અમદાવાદમાં કિરીટ પરમાર, વડોદરામાં કેયુરભાઇ રોકડીયા તેમજ ભાવનગરમાં કીર્તિબેન દાણીધારીયાની મેયર પદ વરણી થઈ હતા.

સ્થાયી સમિતિની ટીમ

સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન તરીકે પરેશ પટેલ, શાસક પક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપુત અને દંડક તરીકે વિનોદ પટેલની વરણી કરવામાં આવી છે. આ સાથે સ્થાયી સમિતિમાં વ્રજેશ ઉનડકટ, ઉર્વશી પટેલ, ચીમન પટેલ, દક્ષેશ વાઘાણી, સુધાકર ચૌધરી, મનીષા મહાત્મા, ભૂષણ પાટીલ, રશ્મિબેન, અમીતાબેન પટેલ, ધર્મેશ ભાલાળાની પસંદગી કરવામાં આવી છે.

## જામનગરના મેયર તરીકે બીનાબેન કોઠારી અને સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે મનીષ કટારીયાની વરણી

જામનગર,તા.૧૨

ગુજરાત ભાજપ દ્વારા છ મનપાની ચૂંટણીમાં જીત બાદ આજે તમામ મનપાના મેયરની જાહેરાત કરવામાં આવી દીધી છે. અગાઉ અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયરની જાહેરાત કરાઈ હતી. જ્યારે આજે રાજકોટ, સુરત અને જામનગરના મેયરની જાહેરાત કરવામાં આવી છે. જામનગરના મેયર તરીકે બીનાબેન કોઠારીને પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે જામનગરના ડેપ્યૂટી મેયર તપન પરમાર, જેએમસી સ્ટેન્ડિંગ ચેરમેન મનીષ કટારીયા, શાસક પક્ષના નેતા તરીકે કુસુમબેનની વરણી અને દંડક તરીકે કેતન ગોસરાણીની વરણી કરવામાં આવી છે. છ મનપાની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ ભાજપ દ્વારા અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયર જાહેર કરવામાં આવ્યા હતા. જે બાદ આજે રાજકોટના મેયરની પણ જાહેરાત કરવામાં આવી છે. રાજકોટના નવા મેયર તરીકે ડો.પ્રદીપ ડવની તાજપોશી કરવામાં આવી છે. જ્યારે આરએમસી સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પુષ્કર પટેલની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટના ડેપ્યૂટી મેયર ડૉ.દર્શિતાબેન શાહ તેમજ શાસક પક્ષના નેતા તરીકે વિનુભાઈ ઘવા અને દંડક તરીકે સુરેન્દ્રસિંહ વાળાની વરણી કરવામાં આવી છે. રાજકોટ પહેલાં ભાજપ દ્વારા સુરતના મેયર અને પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. સુરતને નવા મેયર મળી ગયા છે. હેમાલી બોઘાવાલાને સુરતના નવા મેયર બનાવાયા છે. જ્યારે દિનેશ જોધાણીને સુરતના ડેપ્યૂટી મેયર બનાવવામાં આવ્યા છે.

આ ઉપરાંત એસએમસી સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પરેશ પટેલની વરણી કરવામાં આવી છે. તેમજ શાસકપક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપૂતની નિયુક્તિ કરવામાં આવી છે. છ મહાનગરપાલિકામાં ભવ્ય વિજય બાદ ભાજપ દ્વારા અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયર અને પદાધિકારીઓની જાહેરાત કરી દેવામાં આવી હતી. જ્યારે રાજકોટ, સુરત અને જામનગરના મેયર અને પદાધિકારીઓનાં નામોની જાહેરાત બાકી હતી. જેમાં આજે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશ માટે મેયર તરીકે હેમાલી બોઘાવાલાને સંદ કરવામાં આવ્યા છે. આ અગાઉ ૩ મહાનગરોના મેયર પદ સહિતના હોદ્દેદારોની જાહેરાત થઈ હતી. જેમા અમદાવાદમાં કિરીટ પરમાર, વડોદરામાં કેયુરભાઇ રોકડીયા તેમજ ભાવનગરમાં કીર્તિબેન દાણીધારીયાની મેયર પદ વરણી થઈ હતી.

## રાજકોટના નવા મેયર તરીકે ડૉ. પ્રદીપ ડવની અને સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પુષ્કર પટેલની વરણી


રાજકોટ,તા.૧૨

છ મનપાની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ ભાજપ દ્વારા અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયર જાહેર કરવામાં આવ્યા હતા. જે બાદ આજે રાજકોટના મેયરની પણ જાહેરાત કરવામાં આવી છે. રાજકોટના નવા મેયર તરીકે ડો.પ્રદીપ ડવની તાજપોશી કરવામાં આવી છે. જ્યારે ઇસ્ઝ સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પુષ્કર પટેલની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટના ડેપ્યૂટી મેયર ડૉ.દર્શિતાબેન શાહ તેમજ શાસક પક્ષના નેતા તરીકે વિનુભાઈ ઘવા અને દંડક તરીકે સુરેન્દ્રસિંહ વાળાની વરણી કરવામાં આવી છે.

રાજકોટ પહેલાં ભાજપ દ્વારા સુરતના મેયર અને પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. સુરતને નવા મેયર મળી ગયા છે. હેમાલી બોઘાવાલાને સુરતના નવા મેયર બનાવાયા છે. જ્યારે દિનેશ જોધાણીને સુરતના ડેપ્યૂટી મેયર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત એસએમસી સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પરેશ પટેલની વરણી કરવામાં આવી છે. તેમજ શાસકપક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપૂતની નિયુક્તિ કરવામાં આવી છે.

છ મહાનગરપાલિકામાં ભવ્ય વિજય બાદ ભાજપ દ્વારા અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયર અને પદાધિકારીઓની જાહેરાત કરી દેવામાં આવી હતી. જ્યારે રાજકોટ, સુરત અને જામનગરના મેયર અને પદાધિકારીઓનાં નામોની જાહેરાત બાકી હતી. જેમાં આજે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશ માટે મેયર તરીકે હેમાલી બોઘાવાલાને સંદ કરવામાં આવ્યા છે. આ અગાઉ ૩ મહાનગરોના મેયર પદ સહિતના હોદ્દેદારોની જાહેરાત થઈ હતી. જેમા અમદાવાદમાં કિરીટ પરમાર, વડોદરામાં કેયુરભાઇ રોકડીયા તેમજ ભાવનગરમાં કીર્તિબેન દાણીધારીયાની મેયર પદ વરણી થઈ હતી.

# શ્રી લેઉવા પટેલ સમાજ બગસરા દ્વારા ૩૭ મો સમુહ લગ્નોત્સવ ઉજવાશે




આગામી તારીખ. ૧૪/૩/ ૨૦૨૧. ને રવિવાર ના રોજ સમુહ લગ્ન યોજવામા આવશે આપણા સૌવ ના ગૌરવ સમાન જાજરમાન શ્રી લેઉવા પટેલ સમાજ ના સૌ જ્ઞાતિબંધુઓ અને દાતાશ્રીઓ ના આશીર્વાદ થી તેમજ આપ સૌવના અપાર સ્નેહ સહકાર અને હૂંફ થી તેમજ દરેક સમાજ ને સાથે રાખી ને સંવત ૨૦૭૭.ના ફાગણ સુદ ૧.ને રવિવાર તારીખ. ૧૪/૩/ ૨૦૨૧.ના શુભ દિવસે ૩૭.મા સમુહ લગ્ન સમારોહ નુ આયોજન કરેલ છે આજથી સત્રીસ (૩૬).વર્ષ પહેલા પટેલ સમાજ ના સ્થાપક અને સમુહ લગ્ન ના પ્રણેતા અ .નિ . વડીલ અરજણભાઈ વેલજીભાઈ પટેલે શરૂઆત કરેલ તે આજ દિન સુધી સતત દર વર્ષ સમાજ દ્વારા આયોજન થાય છે એક પણ વર્ષ ખાલી ખંડીત થયેલ નથી તેનુ સમાજને અને કારોબારી સમિતિ ને ગૌરવ છે અને આજે પણ પુ અરજણબાપા એ ક્રાંતિકારી કંડારેલી કેડી પર કામ કરી રહ્યા છે તેના ફળ સ્વરૂપે બગસરા મા બહુ મોટી અને સરસ પટેલ વાડી નુ નિર્માણ થયેલ છે

ખાસ નોંધ કોરોના મહામારી ના કારણે સમુહ લગ્ન સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ ટુંક મા આયોજન કરેલ હોય નિયમો નુ પાલન કરવા માટે સન્માન સમારોહ કાડઁ કંકોત્રી બંધ રાખેલ છે જેની જ્ઞાંતિબંધુઓ નોંધ લેશો

## સરધાર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત
# માણાવદરને આંગણે ઘેર ઘેર ઠાકોરજી તથા સંતોની પધરામણી

સ્વામિનારાયણ સંપ્રદાયના અગત્યના મુખ્ય ધમોમાં એક તીર્થધામ માણાવદર નું પણ ગણાય છે સહજાનંદ સ્વામીએ અહીં જાતે જ પોતાના પરમ ભકત મૈયારામ ભટ ના ખેતરમાં બાજરો વાઢયો હતો અને ધૂંધવી નદીના વહેતા પાણીમાં ભગવાન શ્રી હરિએ સ્વયમ અલચી ધાંચીને ખભે ચડી ધુબાકા માર્યા હતા .

શ્રી હરિ અહીં વિશાળ શાકોત્સવ કરી પરગણાની જનતાને મહાપ્રસાદ લેવાડાવ્યો હતો શ્રી હરિના પાવનકારી પગલા થયા પછી વિશ્વ આખામાં શાંત શહેર તરીકે માણાવદરની નોંધ લેવાઈ છે

આવા માણાવદરમા ચાલી રહેલા પાંચ દિવસીય ધાર્મિક કાર્યક્રમોમાં આજની જૂની પરંપરા અનુસંધાને અને સ્વામિનારાયણ મંદિર સરધાર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત મહાન સંતોએ હરિભકતોના ઘરને પાવન કરવા પરમ પૂજય સદગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અન્ય સંતો વગેરે પરિભ્રમણ રૂપે દરેક હરિભકતો ના નિવાસે પધરામણી કરી આધ્યાત્મિક માહોલ ઉભો કર્યો છે.

સંતોના સ્વાગત માં ઠેરઠેર લોકો વિવિધ સ્વરૂપે ઉભરાઇ રહ્યા છે અને સંતોના પ્રવચન નો સાંભળી કૃત્ય કૃત્ય થઈ રહ્યા છે સંતો ધરસભા કરી વ્યસનોથી મુકત થવા ખાસ અનુરોધ કરી રહ્યા છે

તસવીર- અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર




માણસા આનંદી મૉં ના વડલાના અંતેવાસી અને સૌના પ્યારા ઈન્દુબા ૯૨ વર્ષ ની વયે પ્રભુને પ્યારા થઈ આજરોજ ગૌલોકવાસી થયા. જાણે એક પંખી આવીને ઉડી ગયું. આજે તેમને વસમી વિદાય આપતાં હૃદય ભારે થયું.તેઓના પતિ પૂજ્ય છબીલદાદાએ પણ આ સંસ્થામાં જ સાત વર્ષ પહેલાં પ્રાણ છોડ્યો હતો. આ બંને પુણ્યાત્માને આદરપૂર્વક શાસ્ત્રોક્ત વિધિથી અંતિમ સંસ્કાર કરવાનું સૌભાગ્ય મને સાંપડયું તે મારા જીવનની ધન્ય ક્ષણો પૈકીની એક અણમોલ ક્ષણ ગણું છું. માતા પિતા તુલ્ય પુણ્યાત્માઓને ભાવપૂર્વકની ભાવાંજલિ અર્પુ છું.

આપનો સહૃદયી
સેવાનુરાગી
દિનેશભાઈ વ્યાસ

## પર્યાવરણ જાગૃતિ,વૃક્ષારોપણ,સ્વચ્છતા અભિયાન,દેશભક્તિ ગીતો,ભજનો,તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામા આવ્યાં

# અરવલ્લી જિલ્લામાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી મોડાસા ખાતે કરવામાં આવી




અરવલ્લી બ્યુરો મોડાસા
મોડાસા-શુક્રવાર,

અરવલ્લી જિલ્લામાં ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્રવ્યાપી 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે મોડાસાના ભા.મા.શા. હોલ મ.લા. ગાંધી કોલેજ કેમ્પલસ ખાતે મા.શીશપાલસિંહ રાજપુત, યોગ બોર્ડના અધ્યક્ષશ્રી ગુજરાત રાજયના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી હતી.

ભારતની સ્વતંત્રતા આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા દેશ-રાજયમાં ઠેર-ઠેર લોકજાગૃતિ અને રાષ્ટ્રપ્રેમ દેશભક્તિની યુવાપેઢીમાં ચેતના જગવતા કાર્યક્રમો યોજવામાં આવશે. મુખ્ય કાર્યક્રમ ૧૨ માર્ચે ગાંધી આશ્રમ અમદાવાદ ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મહાનુભવોના હસ્તે દાંડીયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો

પ્રાસંગિક પ્રવચનમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યુ હતુ ભારતની સ્વતંત્રતા આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા દેશ-રાજયમાં ઠેર-ઠેર લોકજાગૃતિ અને રાષ્ટ્રપ્રેમ દેશભક્તિની યુવાપેઢીમાં ચેતના જગાવવા, આત્મનિર્ભર ભારતનો મંત્ર જન જન સુધી પહોંચે અને જનજનનો મહોત્સવ બને તે માટે જિલ્લા કક્ષાએ અરવલ્લીમાં દાંડીયાત્રા અંતર્ગત આત્મનિર્ભર ભારત,મોર્ડન ઈન્ડિયા, ક્લાઈમેન્ટ ચેન્જ, શૌર્યગીત, નાટિકા આશ્રમ, ભજનાવલી આધારિત ભજનો, આઝાદીની ચળવળ અને રાષ્ટ્રભક્તિની થીમ આધારિત ૧૨ મી માર્ચ-૨૦૨૧ થી ૫ એપ્રિલ સુધી આઝાદી સાથે સંકળાયેલા ૭૫ સ્થળોએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે આઝાદીના સંગ્રામમાંઅરવલ્લીનું યોગદાન રહેલું છે સમગ્ર દેશમાં જયારે આઝાદીનો સંગ્રામનું રણશિંગૂ ફૂંકાયુ ત્યારે તેની અસર બૃહદ સાબરકાંઠા અને હાલના અરવલ્લી જિલ્લામાં પણ તેની અસર જોવા મળી દેશમાં ગાંધીજીએ સ્વદેશી ચળવળની લડત આરંભી ત્યારે અરવલ્લીના મોડાસાની શંકર રામજી ધર્મશાળા ખાતેથી મથુરદાસ ગાંધીએ ચળવળના શ્રીગણેશ કર્યા. જેમાં વિલાયતી ખાંડનો બહિષ્કાર, દેશી બનાવટની બીડી, પંચાંગી અસહકાર, પરદેશી કાપડનો બહિષ્કાર સહિતના આક્રમક કાર્યક્રમો શરૂ કર્યા. સ્વદેશી ચળવળને વેગ આપવા અને સ્થાનિક ઉત્પાદનને ઉત્તેજન આપી બજારભાવ સ્થિર કરવા જિલ્લામાંથી ૨૪૦ રેંટીયા ફરતા કરી સ્વદેશી ભંડાર શરૂ કર્યો. જયારે ૧૯૨૦ના નાગપુરના અધિવેશનમાં ગાંધીજીએ નોકરીના બહિષ્કારના આપેલા આદેશને ઝીલી અરવલ્લીના મથુરદાસ ગાંધી, નટવરલાલ ગાંધી, ચુનીલાલ ગાંધી, મોહનલાલ ગાંધી, પુરૂષોત્તમ શાહ, સૂરજી સોલંકી અને રમણલાલ સોનીએ કુટુંબની જીવાદોરી સમાન નોકરી-ધંધાને તિલાંજલી આપીને આઝાદીના યજ્ઞમાં આહુતિ આપી હતી.

અરવલ્લી જિલ્લામાં અદાલતોના બહિષ્કારના ઝૂંબેશમાં મોડાસામાં સરકારી અદાલતોનો વિકલ્પ પુરો પાડવા જનતાની લવાદ કોર્ટની સ્થાપના કરી અને ૪૦ સદગૃહસ્થાઓએ ન્યાયાધીશ તરીકે ફરજ બજાવી આઝાદીમાં યોગદાન આપ્યું હતું તથા આઝાદીની લડતામાં અરવલ્લીના હિન્દુ-મુસ્લિમોમાં ઐક્ય જળવાય રહે તે માટે મથુરદાસ ગાંધી, રમણલાલ સોની,મહમદ હુશેન મુનશી મહમદખાનજી વગેરે અગ્રણીઓએ સબળ પુરૂષાર્થ આદર્યો, મોડાસા હાઈસ્કૂલ આર્થિક ભીંસ અનુભાવતી હતી ત્યારે હાઈસ્કૂલને હિન્દુ હાઈસ્કૂલ નામ આપવાની શરતે મળતું એક લાખ રૂપિયાનું માતબર દાન કોમી એકતા જાળવવા ખાતર દાન જતુ કર્યુ હતું કોમી એખલાસનું જવલંત અને અનુકરણીય ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. ગાંધીના વિચારના વરેલા અરવલ્લી વાસીઓએ સમૂહ જીવનની ભાવનાને વ્યાપક બનાવવા સારૂ અમદાવાદના સાબરમતી આશ્રમની જેમ બૃહદ સાબરકાંઠા જિલ્લાના ઓઢા ગામે ગાંધી મંદિર શરૂ કરવામાં આવ્યું હતું,૧૯૧૯ જલિયાવાલા બાગ હત્યાકાંડ સર્જાયો તે ઈતિહાસ અંકિત છે પરંતુ તેનાથી પણ વધુ ક્રૂર હત્યાકાંડ બૃદહ સાબરકાંઠા જિલ્લાના પાલ દઢવાવમાં માર્ચ ૧૯૨૨માં સર્જાયો હતો તેમાં ૧૨૦૦ જેટલા આદિવાસીઓ ગોળીએ વિંધી દેવાયા પણ કયાંય નોંધ લેવાઈ નહિ, અંગ્રજો એ રેકર્ડ પર અંકિત થવા ન દિધી. ૭ માર્ચ ૧૯૨૨ના રોજ રાજસ્થાન રાજ્યના જાણીતા સ્વાતંત્ર્ય સેનાની શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં દઢવાવ ગામે એક સભા બોલાવી તેમાં રાજસ્થાન, દાંતા, ખેરવાડા, પોશીના તથા આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં આદિવાસીઓ એકઠા થયા હતા. બ્રિટીશ સામ્રાજયવાદી લગાન વધારવાના જુલમ સામે એકઠા થયેલા લોકાનો સંદેશ જાણીને મેવાડ ભીલ કોપર્સ(એમ.બી.સી) નામના બ્રિટીશ અર્ધ લશ્કરી દળો સભાસ્થળને હથિયારો સાથે ગોઠવાઇ ગયા આઝાદીનો અવાજ દબાવવા શ્રી મોતીલાલ તેજાવતને પકડી લેવા આદેશ આપ્યો મોતીલાલે વેરા વધારાનો પ્રચંડ વિરોધ કર્યો અંગ્રેજ અફસર મેજર શ્રી એચ.જી.સટ્ટે ગોળીબારનો આદેશ કર્યો, ૧૨૦૦ જેટલા આદિવાસીઓ ગોળીએ વિંધાઇ ગયા. મોતીલાલ તેજાવત અગમચેતીથી બચી ગયા ઉંટ પર જતા તેમને હાથે ગોળી વાગી હતી. આઝાદીબાદ મોતીલાલ તેજાવતે ત્યાં મુલાકાત લઈ હત્યાકાંડની સ્મૃતિમાં આ ભૂમિને વીરભૂમિ ગણાવી ત્યાં મોટા મેળા ભરવાનું કહ્યું હતું ૨૨ જૂન ૨૦૦૩ રોજ ઐતિહાસિક શહિદગાથાની સ્મૃતિમાં તેને જીવંત રાખવા શહિદોને શ્રધ્ધાંજલી અર્પવા શહિદ સ્મારક ઉભુ કરવામાં આવ્યું છે. આ ૧૨૦૦ શહિદોની યાદમાં ૧૨૦૦ જેટલા વૃક્ષો વાવી શહિદ સ્મૃતિવન ઉભું કરવામાં આવ્યું છે. જે આજે સુંદર રમણીય અને લીલી વનરાજીથી ખીલી ઉઠ્યુ છે. વધુમાં અધ્યક્ષશ્રી યોગ બોર્ડમાંથી આવતા હોઈ સૌ અધિકારી, પદાધિકારીઓ નાગરિકોને યોગ કરવા અને નિરોગી બનવા અનુરોધ કર્યો હતો અને અરવલ્લીવાસીઓને અમૃત મહોત્સવની સાથે સાથે સૌ સ્વચ્છ અને તંદુરસ્ત રહે તેવી શુભકામના પાઠવી હતી. આ કર્યક્રમાં જિલ્લા કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાં અનિલ ધામેલિયા, નિવાસી અધિક કલેકટરશ્રી આર.જે.વલવી, પ્રાંત અધ્કારીશ્રી મયંક પટેલ, અગ્રણીશ્રી રાજુભાઇ પટેલ, ભીખાભાઇ ડામોર, નાગરિકો વગેરે ઉપસ્થિત રહયા હતા.

# પાલનપુર ખાતે એક પહેલ ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ




૮ માર્ચના રોજ આખી દુનિયામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રૂપમાં ઉજવાય છે. આજનો દિવસ મહિલાઓના સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક અને સામાજીક ઉપલબ્ધિઓની અને અસાધારણ મહિલાઓની હિંમત અને દ્રઢ સંકલ્પની ઉજવણીનો અવસર છે.આ દિવસને મનાવવા પાછળનુ કારણ મહિલાઓને સન્માન આપવાનુ છે જેની તે હકદાર છે. આજે આખી દુનિયામાં મહિલાઓ પુરૂષો સાથે કદમથી કદમ મેળવીને ચાલી રહી છે.ભારતમાં મહિલા દિવસને લઈને સરકારી અને બિનસરકારી સ્તર પર અનેક કાર્યક્રમોનુ આયોજન થાય છે.આ દિવસે પાલનપુરમાં પણ અનેક જગ્યાએ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આવા જ એક સુંદર કાર્યક્રમ પાલનપુરમાં તિરુપતિ ટાઉનશીપ ભાગ-૧ માં એક પહલ ફાઉન્ડેશન દ્વારા મહિલા સશક્તિકરણના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.જેમાં એક પહલ ફાઉન્ડેશનના પ્રમુખ પૂર્ણિમા ચંદ્રા એ યૂજ ટુ ચેલેન્જ વિષય પર ખાસ ચર્ચા કરીને મહિલાઓને હિંમત વધારવા અનેક માહિતી આપી હતી અને મહિલાઓને યૂજ ટુ ચેલેન્જ વિષય પર વિવિધ ઉદાહરણો દ્વારા બહેનોને મોટીવેટ કરવામાં આવ્યા હતા તથા મહિલાઓના પ્રશ્નો બાબતે ચર્ચાઓ ,યોગ વિશે ચર્ચાઓ કરી મહિલાઓના પ્રશ્નનું સમાધાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એક પહલ ફાઉન્ડેશનના પ્રમુખ પૂર્ણિમા ચંદ્રા, એક પહલ ફાઉન્ડેશનના સેક્રેટરી દિનેશભાઈ મકવાણા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ સ્મિતાબેન જોષી, નીતાબેન બલાત, મીતા ઠક્કર, પૂનમ પઢીયાર, દક્ષા પટેલ વગેરે હોદ્દેદારો હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન તન્વી ઠક્કરે કર્યુ હતું. તિરુપતિ ટાઉનશીપ ભાગ- ૧ ની મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં સો બધાએ નાસ્તો કરીને હાજર રહેલા મહેમાનોની આભાર વિધિ કરવામાં આવી હતી.

પત્રકાર જયેશ મોદી
પાલનપુર




आदरणीय प्रधानमंत्री श्री नरेंद्रभाई मोदी की उपस्थिति में आजादी का अमृत महोत्सव स्वतंत्रता के, 75 वर्ष का उत्सव का साबरमती आश्रम अहमदाबाद गुजरात सें शुभारंभ हुआ। इस पावन अवसर माणसा शहर के संगठन प्रमुख श्री ऐल. ऐच. पटेल, श्री विनोदभाई प्रजापति, श्री देवेन्द्र सिंह राओल, श्री जयनारायणसिंह राओल और श्री संजयभाई जनसारी के साथ उपस्थित रहेंना का अवसर प्राप्त हुआ।
आपका सह्दयी

सेवानुरागी – दिनेशभाई व्यास

## શામળાજી પોલીસે સતત બીજા દિવસે દારૂ ઝડપ્યો
# અણસોલ નજીક કારના ગુપ્ત ખાનામાંથી ૧૯૪ બોટલ દારૂ સાથે હરિયાણાના ખેપીયાને દબોચ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



શામળાજી પોલીસે સતત બીજા દિવસે રાજસ્થાન તરફથી આવતી દિલ્હી પાર્સીગની કારમાં બનાવેલ ગુપ્ત ખાનામાં સંતાડેલ વિદેશી દારૂની ૧૯૪ બોટલ ઝડપી પાડી બુટલેગરના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનચેકીંગ દરમિયાન સેવરોલેટ કારની ડેકીમાં ગુપ્ત ખાનામાં સંતાડીને ગુજરાતમાં ઘૂસાડાતો ૬૬ હજારથી વધુનો વિદેશી ઝડપી પાડી હરિયાણાના કાર ચાલકને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પીએસઆઈ આશિષ પટેલ અને તેમની ટીમે રાજસ્થાન રાજયને અડીને આવેલ રતનપુર ચેકપોસ્ટ પરથી વિદેશી ઘુસાડાતો અટકાવવા સઘન ચેકીંગ સાથે રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ હાથધરતા સતત બીજા દિવસે બુટલેગરોની વિદેશી દારૂની ખેપ નિષ્ફળ બનાવી હતી

રાજસ્થાન તરફથી શંકાસ્પદ ઝડપ સાથે આવતી દિલ્હી પાસિંગની સેવરોલેટ કારને અટકાવી તલાસી લેતા કારની પાછળ ડેકીમાં ગુપ્ત ખાનું મળી આવ્યું હતું ગુપ્ત ખાનામાંથી વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂ અને ક્વાંટરીયા નંગ-૧૯૪ કીં.રૂ.૬૬૯૦૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક હરીયાણા હીસ્સારના શાસ્ત્રીનગરના ધર્મેન્દ્ર હોકચંદ જાટની ધરપકડ કરી કાર,મોબાઈલ અને વિદેશી દારૂ મળી કુલ.રૂ.૪૬૭૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## સર્વ સમાજની વાઘ પેનલને ઠેર ઠેર આવકાર
# મોડાસા નાગરીક સહકારી બેંકની ચૂંટણીમાં ૧૨ બેઠકો માટે ખરાખરીનો જંગ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ઉત્તર ગુજરાતમાં સહકારી નાણાકીય સહકારી સંસ્થાઓમાં અગ્ર સ્થાન ધરાવતી મોડાસા નાગરીક સહકારી બેંકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૨ બેઠકો માટે આગામી રવિવારે રવિવારે ચૂંટણી યોજાઈ રહી છે ૧૨ બેઠકોને લઈ ૧૮ ઉમેદવારોને વચ્ચે યોજાનાર ચૂંટણી જંગને લઈ શહેરમાં ભારે રસાકસી જોવા મળી રહી છે ઘોડાની પેનલમાં ૧૦ ઉમેદવારો અને વાઘની પેનલમાંથી ૮ ઉમેદવારો ચૂંટણી જંગમાં જંપલાવ્યું છે ચૂંટણીના ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે બંને પેનલના ઉમેદવારોએ બેંકના મતદારોને રીઝવવા એડી ચોંટીનું જોર લગાવી રહ્યા છે ત્યારે સર્વ સમાજની બનેલ વાઘ પેનલના ૮ ઉમેદવારોને ઠેર ઠેર આવકાર મળી રહ્યો છે

વાઘ પેનલનું ટેગ લાઈન સૂત્ર ×સારા માણસની જગ્યાએ મારા માણસને ગોઠવવાની× પ્રથા બંધ કરીશુંએ લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું છે નાગરિકબેંકમાં વાઘ પેનલમાં સર્વ સમાજના ઉમેદવારો હોવાથી દરેક સમાજના મતદારોનો ભારે આવકાર મળી રહ્યો છે વાઘ પેનલમાં મોડાસાના નામાંકીત બીલ્ડર,તબીબ,વેપારી અને સેવાકીય કાર્યો સાથે સંકળાયેલ હોવાથી લોક સંપર્ક વધુ હોવાથી વિજેતા બનાવના દાવા થઈ રહ્યા છે

બીજીબાજુ ઘોડાની પેનલના વણીક સમાજના ઉમેદવારો પણ ચૂંટણ જંગમાં ૧૦ બેઠકો મેળવવા ભારે મહેનત હાથધરી છે . મોડાસા નાગરિક બેંકના પૂર્વ ચેરમેન અને નામાંકીત બીલ્ડર અને સેવાકીય કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતા કમલેશ ભાઈ પટેલના જણાવ્યા અનુસાર તેમની વાઘ પેનલમાં સર્વ સમાજના ઉમેદવારો હોવાથી મતદારોમાં ભારે આવકાર મળી રહ્યો છે બેંકના વહીવટમાં સારા માણસની જગ્યાએ મારા માણસ ગોઠવવાની પ્રથાનો વિરોધ સાથે બેંક અને બેંકના શેરધારકો અને ગ્રાહકોના હિતમાં ચૂંટણી ચૂંટણી જંગમાં જંપલાવવું પડ્યું છે અને વાઘ પેનલના ૮ ઉમેદવારોનો વિજય નિશ્ચિંત છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.